## <u>અસલ હુકમનામું</u>

અસલ ફરિયાદનું હુકમનામું
(ઓ. ૨૦,કા.–૬–૭).

**દેત્રોજ ના મહે. પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.દેત્રોજ**

**રેગ્યુલર દિવાની મુકદ્મા નં ૭૪/૨૦૨૨**
**આંક : ૫૪**

**વાદી :–**

મેનેજરશ્રી,સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા–કટોસણ રોડ શાખા,
રહે .કટોસણ રોડ,તા.દેત્રોજ–રામપુરા, જી.અમદાવાદ.

**વિરુધ્ધ**

**પ્રતિવાદી:–**

(૧) ડુંગરજી રૂપસંગજી ઠાકોર
(૨) સંતોકબેન રૂપસંગજી ઠાકોર
(૩) રૂપસંગજી મફાજી ઠાકોર
(આંક–૨૬ હે ઠળ હુકમ કરી ડીલીટ કરે લ છે )
(૪) કપુરજી રૂપસંગજી ઠાકોર
(૫) રમેશજી રૂપસંગજી ઠાકોર
(૬) રંગાજી રૂપસંગજી ઠાકોર
રહે .વડોસણ, તા.જી.મહેસાણા

---

**વાદી તરફે વિ.વકીલશ્રી– આર.એ.શાહ**
**પ્રતિવાદીઓ તરફે વિ.વકીલશ્રી– એક્સપાર્ટી**

---

**દાવો : રુા.૩,૦૧,૦૨૧/– ના આંકથી**

---

**દાવા દાખલ તારીખ : ૦૪–૦૭–૨૦૨૨**
**દાવા નિકાલ ફેસલ તારીખ : ૧૮–૦૩–૨૦૨૬**

---

(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના પ્રતિવાદીઓ રહે .મુ.પો.વડોસણ, તા.જી.મહેસાણાનાઓએ સંયુકત રીતે કે.સી.સી. લોન

ધિરાણ મેળવવા અરજી કરેલ.જે અરજી અનુસંધાને આ કામના પ્રતિવાદીઓના કે.સી.સી. લોન ધિરાણ રૂ.૨,૩૬,૦૦૦/–(અંકે રૂપિયા બે લાખ છત્રીસ હજાર પુરા) તા.૨૯–૦૪–૨૦૧૬ ના રોજ મંજુર કરવામાં આવેલ અને આ કામના પ્રતિવાદીઓને નકકી થયા પ્રમાણેના વર્ષે નકકી થયા પ્રમાણેની ધિરાણની રકમ આપવામાં આવેલ અને સદર ધિરાણની પ્રક્રિયા અંગે આ કામના પ્રતિવાદીઓએ તેમની અરજી તેમજ તે સાથે આ કામના પ્રતિવાદીઓએ લેટર ઓફ એરે ન્જમેન્ટ ,શાનગીરોનો કરાર,ટર્મ્સ એન્ડ કંડીશન ઓફ સેંકશન એગ્રીકલ્ચર ઓફ કે શ ક્રેડીટ પાર્ટ –૧,પાર્ટ –૩,એનેક્ષર–એચ,એનેક્ષર–જી,એનેક્ષર–આઇ તેમજ અન્ય જરૂરી દસ્તાવેજો તેઓ વાદી બેંકને તેમની સહી /અંગુઠા કરીને વાદી બેંકની તરફેણમાં કરી આપેલ અને તે ધિરાણની રકમ આ કામના પ્રતિવાદીઓને વાદી બેંકને હપ્તાઓથી કરાર પ્રમાણે વ્યાજ સહિત ભરપાઇ કરવાની સવલત વાદી બેંક તરફથી આપવામાં આવેલી તેમજ જો આ કામના પ્રતિવાદીઓ નકકી થયા પ્રમાણેના સમયે ધિરાણની રકમ ન ચુકવે તો વધારાના કરાર મુજબ દંડનીય વ્યાજ સહિત પ્રતિવાદીઓએ વ્યાજ ચુકવવાનું રહે શે તેવું પણ પ્રતિવાદીઓ સાથે નકકી થયેલ. આ કામના પ્રતિવાદીઓએ તેમની જમીન ઉપર બોજો પણ નોંધાવી આપેલ હતો. આ કામના પ્રતિવાદીઓનું વાદી બેંકની શાખામાં લીધેલ ધિરાણ અંગે ખાતા નં. ૩૫૭૩૭૯૯૨૯૫૨ થી ખાતુ ચાલતું આવેલ છે અને આ કામના પ્રતિવાદીઓ સદર ધિરાણ ચુકવવામાં તેમજ હપ્તાની રકમ ચુકવવામાં બેદરકાર રહેલ છે અને પ્રતિવાદીઓએ ધિરાણની રકમ ભરપાઇ નહી કરતા વાદી બેંકે આ કામના પ્રતિવાદીને અવાર નવાર ધિરાણ ભરપાઇ કરવા અંગે લેખિત મૌખિક જાણ કરે લ. વધુમાં વાદી બેંકે આગળ જણાવેલ છે કે , વાદી બેંકે અવાર નવાર મૌખિક તેમજ લેખિત સુચનાઓ રકમ ભરપાઇ કરવા આપેલ હોવા છતા પ્રતિવાદીઓએ રીવાઇવલ લેટર પણ લખી આપેલ હોય/ધિરાણ પણ રીન્યુઅલ કરાવેલ હોય છતાં વાદી બેંકની લેણી કરમ ભરપાઇ કરેલ ન હોઇ આ કામના પ્રતિવાદીઓ પાસે વાદી બેંકનું તા.૩૧–૦૩–૨૦૨૨ ના રોજની સ્થિતિએ રૂ.૩,૦૧,૦૨૧/–(અંકે રૂપિયા ત્રણ

લાખ એક હજાર એકવીસ રૂપિયા પુરા)નું લેણું પડે છે જે રકમ વ્યાજ સાથે વસુલ મેળવવા વાદી બેંકને હાલનો દાવો દાખલ કરવાની ફરજ પડેલ છે.

**(૨) માંગવામાં આવેલ દાદ:**

**(અ)** આ કામના પ્રતિવાદીઓએ નામદાર કોર્ટ ની હકુમતમાં વાદી બેંકમાંથી ધિરાણ મેળવવા પ્રક્રિયા કરતાં પ્રતિવાદીઓનું રૂા.૨,૩૬,૦૦૦/-(અંકે રૂપિયા બે લાખ છત્રીસ હજાર પુરા) ની લીમીટનું તેઓની દાવા અરજીમાં જણાવ્યા પ્રમાણેનું વાદી બેંક દ્વારા ધિરાણ મંજુર કરવામાં આવેલ હોય અને તે મંજુર થયા બાદ નકકી થયા પ્રમાણેના વર્ષે પ્રતિવાદીઓએ વાદી બેંકમાંથી નકકી થયા પ્રમાણએનું ધિરાણ મેળવેલ હોય અને તે ધિરાણની વાદી બેંકનીરૂા.૩,૦૧,૦૨૧/-(અંકે રૂપિયા ત્રણ લાખ એક હજાર એકવીસ રૂપિયા પુરા) ની જે લેણી રકમ પડે છે તે રકમ આ કામના પ્રતિવાદીઓ વાદી બેંકને ૧૪ ટકાના ચઢેલ/ચઢતા વ્યાજ સાથે ચુકવી આપે તેવું હુકમનામુ વાદી બેંકના લાભમાં તેમજ આ કામના પ્રતિવાદીઓ વિરુધ્ધ કરી આપવા નમ્ર અરજ છે .

**(બ)** વાદી બેંક આ કામના પ્રતિવાદી પાસેથી ઉપરોકત જણાવ્યા પ્રમાણેની ચઢતી લેણી રકમ સહિતની રકમ પ્રતિવાદીની હરકોઇ સ્થાવર-જંગમ મિલકત કે જાતથી વાદી બેંક વસુલ કરી લઇએ તેવો વાદી બેંકના લાભમાં હુકમ તેમજ હુકમનામું કરી આપવા દાદ માંગેલ છે .

**(ક)** આ દાવો તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી વસુલ અપાવવા દાદ માંગેલ છે .

**(ડ)** આ દાવાને લગતી બીજી વાજબી અને આનુસાંગિક દાદ કે દાદો વાદી બેંકના લાભમાં તેમજ પ્રતિવાદી વિરુધ્ધ અપાવવા અરજ છે .

**(૨)** આ કામના વાદીના હાલના દાવાનો આ કામના પ્રતિવાદીઓને ધોરણસર સમન્સ કરતાં, સમન્સની ધોરણસર બજવણી થયેલ હોવા છતાં પ્રતિવાદીઓ કે તેઓના તરફે કોઇ વકીલશ્રી અદાલત રૂબરૂ હાજર રહે લ નહી હોય કે કોઇ રીપોર્ટ રજુ કરવામાં આવેલ ન હોય જેથી પ્રતિવાદીઓ સામે પ્રસ્તુત કામ એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે . વધુમાં

પ્રતિવાદી નં.૩ નાઓને દાવાના કામે ડીલીટ કરવાનો હુકમ કરવામાં આવેલ છે .

**–:આખરી હુકમ:–**

(૧) વાદીનો દાવો આથી અંશતઃમંજુર કરવામાં આવે છે .

(૨) આ કામના પ્રતિવાદીઓઓ સંયુકત તેમજ વિભકત રીતે વાદીને રૂા.૩,૦૧,૦૨૧/–(અંકે રૂપિયા ત્રણ લાખ એક હજાર એકવીસ રૂપિયા પુરા) દાવા તારીખથી સદર રકમ વસુલ આવતા સુધી વાર્ષિક ૦૯ ટકા ના દર વ્યાજ સહ ચુકવી આપવી.

(૩) પ્રતિવાદીઓ દ્વારા વાદીની લેણી પડતી રકમ ચુકવવામાં કસુર થયેથી વાદી બેંક તેઓની લેણી પડતી રકમ પ્રતિવાદીઓની જાત તેમજ તમામ મિલ્કતમાંથી વસુલ મેળવવા હકકદાર રહેશે.

(૪) આ હુકમ થયા સુધીમાં જો પ્રતિવાદીઓએ કોઇ રકમ ચુકવેલી હશે તો તે રકમ તેને મજરે આપવાની રહેશે.

(૫) વાદીનો દાવાનો ખર્ચ પ્રતિવાદીઓએ ભોગવવો.

(૬) હુકમ મુજબ આખરી હુકમનામું દોરવું.

હુકમ આજ રોજ તારીખઃ૧૮, માહે –માર્ચ,સને–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટ નું સીલ કરી જાહેર કર્યો.

(સહી/–)

તારીખ– ૧૮.૦૩.૨૦૨૬ (હર્ષ શાંતીભાઇ રાઠોડ)

સ્થળ–દેત્રોજ પ્રિન્સીપાલ સિવિલ જજ, દેત્રોજ

કોડ નં. જી.જે.૦૧૭૭૪

।

।

।

।

રેગ્યુલર દિવાની મુકદ્મા નં ૭૪/૨૦૨૨

## **o o ખર્ચનો આંકડો o o**

| વાદીને થયેલો | | | | પ્રતિવાદીને થયેલો | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | રૂ. | પૈસા | | | રૂ. | પૈસા |
| ૧. | ફરીયાદ અરજીનો સ્ટાંપ | ૧૦૧૫૦ /– | | ૧. | સામા દાવા ઉલટા દાવાના સ્ટાંપ | – | |
| ૨. | મુખત્યારનામાનો સ્ટાંપ | ૩/– | | ૨. | મુખત્યારનામાનો સ્ટાંપ | ૩/– | |
| ૩. | રજુ થયેલ કાગળોનો સ્ટાંપ કુલ આગળ આપ્યા પ્રમાણે | – | | ૩. | રજુ થયેલ કાગળોનો સ્ટાંપ કુલ આગળ આપ્યા પ્રમાણે | | |
| ૪. | સાક્ષીઓની ખોરાકી | | | ૪. | સાક્ષીઓની ખોરાકી | | |
| ૫. | ફરીયાદમાંના દાવા ઉપર પ્લીડરની ફી સામા દાવા ઉપર પ્લીડરની ફી | ૮૭૫/– | | ૫. | ફરીયાદમાંના દાવા ઉપર પ્લીડરની ફી સામા દાવા ઉપર પ્લીડરની ફી | ૮૭૫/ – | |
| ૬. | પ્રોસેસ બજવણી | – | | ૬. | પ્રોસેસ બજવણી | – | |
| ૭. | કમિશનર ફી | – | | ૭. | કમિશનર ફી | – | |
| ૮. | તરજુમાની ફી | – | | ૮. | તરજુમાની ફી | – | |
| ૯. | નકલ ફી | – | | ૯. | નકલ ફી | – | |
| ૧૦. | મુલતવી રાખવા બદલ આપેલ | – | | ૧૦ | મુલતવી રાખવા બદલ આપેલ | – | |
| ૧૧. | વારસોને દાખલ કરવા બાબતની અરજી ઉપરનો સ્ટાંપ | – | | | | – | |
| | **કુલ** | ૧૧૦૨૮ /– | | | **કુલ** | ૮૭૮/ – | |
| | **નહીં આપેલાનો ખર્ચ** | | | | **નહીં આપેલાનો ખર્ચ** | | |

આજ તારીખ ૦૨ માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યા.

(એચ.એસ.રાઠોડ)

| | | |
|---|---|---|
| તૈયાર કરનાર<br>આસીસ્ટન્ટ | તપાસનાર<br>સુપ્રીટેન્ડેન્ટ | પ્રિન્સિપાલ સિવીલ જજ<br>દેત્રોજ<br>કોડ નં..જે.૦૧૭૭૪ |